# શ્રી ગોપાલલાલજી હવેલીની ગૌરવગાથા

**ભજો ગોપાલ, ભૂલ મત જાઓ,**
**મનુષ્ય દેહ મેં, યહી હૈ લ્હાવો . . .**

૨૦૦ થી વધારે વરસથી, શ્રી ઠાકોરજીનું મનમોહક મુરલીમનોહર શ્યામસ્વરૂપ – શ્રી ગોપાલપ્રભુ કડી મધ્યે બિરાજે છે. કડી નગરમાં જન્મેલા, વસેલા સૌ કોઈ અને આપણા દશા દિશાવાળ જ્ઞાતિજનો, પુષ્ટિ સંપ્રદાયના આચારવિચાર ગ્રહણ કરી, શ્રી ગોપાલપ્રભુને લાડ લડાવે છે.

કડી ખાતે બિરાજી રહેલા આ નિધિસ્વરૂપના પ્રાગટ્યની કથા ખૂબ ચમત્કારિક છે.

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના દ્વિતીય કુમાર શ્રી ગુસાંઈજી વ્રજના ગોકુળમાં બિરાજતા હતા. ત્રિકાળ સ્નાન સંધ્યા માટે તેઓ શ્રી નિત્ય શ્રી યમુના કિનારે પધારતા. એક દિવસ શ્રી ગુસાંઈજી શ્રી યમુનાજીના કેડ સમા જળમાં સ્નાન કરતા હતા, ત્યારે તેમને લાગ્યું કે તેમની કમર પર કંઈ ભાર છે. સુખદ આશ્ચર્ય સાથે તેમણે જોયું કે તેમની જનોઈમાં વીંટળાઈને શ્રી ઠાકોરજીનું મનમોહક શ્રી મુરલીમનોહર શ્યામસ્વરૂપ તેમના કટિ ઉપર બિરાજતું હતું. પરમ આનંદિત શ્રી ગુસાંઈજીએ મનોમન શ્રી ગોપાલપ્રભુને વિનંતિ કરી, "નિકે રહીયે હમારે હી મહલ . . ." અતિ પ્રેમપૂર્વક શ્રી ગુસાંઈજીએ વિધિવત્ આનંદમંગલ સહિત શ્રી પ્રભુને પાટ પધરાવ્યા.

સમયાંતરે, દક્ષિણ ભારતના એક નાનકડા રજવાડાના રાજા જોતસિંહ અને તેમના પુરોહિત શ્યામદાસજીની શ્રદ્ધા અને વિનંતિથી પ્રભાવિત થઈ, શ્રી ગુસાંઈજીએ પોતાનું પ્રાણપ્યારું શ્રી ગોપાલ લાલજી સ્વરૂપ તેમના ગૃહે પધરાવી આપ્યું. બંને ભગવદીયોએ વર્ષો સુધી શ્રી પ્રભુની પુષ્ટિ સેવા કરી, લાડ લડાવ્યાં. શ્રી ગોપાલ લાલજી શ્રી ગુસાંઈજી ગૃહે પાછા પધાર્યા પછી શ્રી ગુસાંઈજીએ પોતાના સૌથી નાના બેટીજીને શ્રી પ્રભુ પધરાવી આપ્યા. તે પછી શ્રી પ્રભુ શ્રી ગુસાંઈજીના વંશમાં જ શ્રદ્ધાપૂર્વક સેવાયા. સંવત ૧૮૬૪માં જોધપુરના રાજાના અન્યાશ્રય અને પ્રભુસેવામાં કનડગતથી થાકીને શ્રી ગોવિંદજી મહારાજ અને તેમના ભાભીશ્રી મહાલક્ષ્મીજીએ તમામ સંપત્તિનો ત્યાગ કરી, શ્રી પ્રભુ સ્વરૂપ સાથે ગુજરાત તરફ પ્રયાણ કર્યું. તેમની ઈચ્છા વડોદરા ખાતે કાયમી મુકામ કરવાની હતી. શ્રી ગોપાલલાલજીની સાથે, શ્રી મહાપ્રભુજીના સેવ્ય નિધિસ્વરૂપ શ્રી બાલકૃષ્ણલાલજી પણ બિરાજતા હતા. સાથે તપેલીના ઠાકુરના શ્રી બાલાજી, પ્રભુસેવાને સમર્પિત મુખિયા, ભિતરિયા, વગેરે સેવકો પણ હતા. સૌ કડીના પાદરે વિશ્રામ કરવા રોકાયા. આગળના મુકામે જવા બધી તૈયારી કરી, છતાં, શ્રી પ્રભુનો રથ આગળ વધ્યો જ નહિ. જાણે શ્રી પ્રભુને આ જગ્યા ગમી ગઈ હોય, તેમ તેમણે અહીં રોકાઈ જવા અનુગ્રહ કર્યો. બહુ જ પ્રયાસોના અંતે પણ રથ જ્યારે આગળ ન જ વધ્યો, ત્યારે કડીના કેટલાક ભક્તિપૂર્ણ વૈષ્ણવોએ મહારાજશ્રીને વિનંતિ કરી કે શ્રી ગોપાલલાલજીને કડીમાં જ પધરાવો. મંદિર સિધ્ધ કરવાની જવાબદારી પણ તેમણે સ્વીકારી. પ્રભુની ઈચ્છા અને વૈષ્ણવોની વિનંતિ  સ્વીકારી, શ્રી ગોવિંદજી મહારાજ ત્યાં જ બિરાજ્યા. સંવત ૧૮૬૬ના વૈશાખ સુદ પાંચમના શુભ દિને, મંદિર સિદ્ધ થતાં શ્રી ગોપાલલાલજીને નવા મંદિરે પધરાવી ભવ્ય પાટોત્સવ ઉજવવામાં આવ્યો. ત્યારથી આજપર્યંત, પરંપરાગત સેવાક્રમ જાળવી, શ્રી પ્રભુને લાડ લડાવી, વૈષ્ણવો પરમ દર્શનસુખ પામી રહ્યાં છે. આજે જ્યારે શ્રી ગોપાલપ્રભુને કડી પધાર્યે ૨૦૦ થી વધારે વર્ષ થયાં છે, ત્યારે સૌ પ્રથમ નમન કડીની આ ભૂમિને કરવા ઘટે. કારણ કે, કોઈ આચાર્યશ્રીના સંકલ્પ કે કોઈ વૈષ્ણવના મનોરથ થકી નહિ, પરંતુ શ્રી પ્રભુની સ્વયં ઈચ્છાશક્તિથી આ ભૂમિ પર રથ અટકી ગયો. શ્રી પ્રભુ સર્વે કડીજનોના જીવનરથના સારથિ બની રહ્યા છે. જે સ્થાનમાં પ્રભુ આટલો સમય બિરાજે, તે ભૂમિ આપોઆપ એક તીર્થ બની જાય છે. કડીનું ઐશ્વર્ય, શ્રી પ્રભુનો પ્રસાદ જ છે. અહીંનો સેવા પ્રકાર સુંદર સ્વરૂપે પરંપરા અનુસાર ચાલ્યા કરે અને સાથે સાથે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું રક્ષણ થાય, તે હેતુથી ઈ.સ. ૧૯૬૭માં 'શ્રી ગોપાલલાલજી હવેલી સેવા પ્રબંધક ટ્રસ્ટ' ની રચના કરવામાં આવી. અસ્ખલિત સેવાક્રમ દરમિયાન, ધરતીકંપની ભયાનક હોનારત સમયે પ્રાચીન હવેલીને ખૂબ નુકસાન થયું, ત્યારે શ્રી પ્રભુની કૃપાથી હવેલીના જીર્ણોધ્ધાર અંગે સમીક્ષા કરી, સર્વ સહમતિથી નૂતન નંદાલય સિદ્ધ કરવાની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી. માત્ર અગિયાર મહિનામાં નૂતન નંદાલયની કામગીરી પૂર્ણ થઈ. પ્રવચન, સત્સંગ અને સેવાના નિત્યક્રમની સાથે સાથે આજપર્યંત શ્રી પ્રભુ આ હવેલીમાં બિરાજી, સૌને દર્શન, સેવા અને સ્મરણનું અલૌકિક સુખ આપી રહ્યા છે. ડિસેમ્બર, ૨૦૧૭માં શ્રી ગોપાલ પ્રભુ નૂતન નંદાલય ભવ્ય દશાબ્દિ પાટોત્સવ મહોત્સવ યોજાઈ રહ્યો છે, ત્યારે કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષ મંડળના સર્વે જ્ઞાતિજનોને આનંદમંગલની વધાઈ.

શ્રી ગોપાલ પ્રભુના પ્રાગટ્યનો આ ભક્તિ પૂર્ણ ઈતિહાસ, આપ સૌને રસપૂર્ણ લાગ્યો જ હશે, તેવી આશા સાથે

જયશ્રી કૃષ્ણ . . . **સંદર્ભ :** ગોપાલ ગૌરવગાથા